તમસો માં જ્યોતિર્ગમય

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

માર્ચ - એપ્રિલ - મે ૨૦૨૬

વર્ષ : ૬૪ - સળંગ અંક નં. ૫૧૧



તંત્રી: શ્રી જયકુમાર એમ. પંચોલી
સહતંત્રી: શ્રી જીગર એન. મપારા

Pancholi Navyug Email ID. : jpancholi11052004@gmail.com

Email : infospssmm@gmail.com    Website : www.pancholisamaj.org

માસિક કિંમત : રૂા. ૧૦/-    વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

માર્ચ – એપ્રિલ – મે : ૨૦૨૬

**–: પ્રકાશન સ્થળ :–**

૮૦૩-૮૦૪, બ્લુચીપ કોમ્પ્લેક્ષ, સ્ટોક એક્ષચેજન્સની પાસે,
સયાજીગંજ, વડોદરા, ગુજરાત-

પ્રકાશન સામયિકતા : દ્વિમાસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી જય એમ. પંચોલી
મુદ્રકનું નામ : **સખી ગ્રાફીક્સ એન્ડ ડીઝાઈનીંગ**
મુદ્રકનું સરનામું : ૮૦૩-૮૦૪ બ્લુચીપ કોમ્પ્લેક્ષ, સ્ટોક એક્ષચેન્જ બીલ્ડીંગની પાસે, સયાજીગંજ, વડોદરા.
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું જય એમ. પંચોલી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

– જય એમ. પંચોલી

## તંત્રીશ્રી



**જય મધુસુદનભાઈ પંચોલી**
બી-૬૩, ઉમાકોલોની,
ડોમીનોઝ પીઝા લેન, ઉમા ચાર રસ્તા,
વાઘોડીયા રોડ, વડોદરા.
મો. ૯૯૯૮૦ ૫૪૪૭૫
Email : jpancholi11052004@gmail.com



**જીગર નરેન્દ્રભાઈ મપારા**
એ-૨૦૩, બાલાજી એંકલેવ,
દેવપુષ્પ ડુપ્લેક્ષની સામે,
કલાદર્શન ચાર રસ્તા પાસે,
વાઘોડીયા રોડ, વડોદરા.
મો. ૯૮૯૮૬ ૪૮૬૬૪

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

**અગત્યની નોંધ :**
**દરેક અંક E-Navyug માં પ્રકાશિત કર્યા ના ૩ દિવસ પછી પ્રિન્ટીંગ પ્રોસેસ માં લેવાશે, તો જે કોઈ સભ્યને એમની વિગતમાં ભૂલ જણાય તો એમાં સુધારો કરવા અમને જાણ કરશો.**

## પ્રમુખ નોંધ...



શ્રી ભરતકુમાર સી. પંચોલી

વહાલા જ્ઞાતિજનો,

આશા રાખુ છું કે દરેક એકમના સભ્યોને નવયુગ અંક મળતો હશે, સાથે જે સભ્યોને અંક સમયસર મળી નથી શકતો એના માટે તંત્રશ્રી સાથે ચર્ચા કરી સમયસર મળી શકે અને જે સભ્યોને નથી મળતા એમના ઘરે પહોંચી શકે એનો પ્રયત્ન કરે. નવયુગ એટલે પ્રકાશીત કરવામાં આવે છે કે દરેક એકમોમાં થતા કાર્યક્રમ દરેક સભ્યોના ઘરે પહોંચે જેના માટે દરેક એકમ ખૂબ સુંદર સહકાર આપી રહ્યા છે અને ભવિષ્યમાં પણ આપશે એવી આશા.

બોર્ડ ની પરિક્ષા પૂર્ણ થયા બાદ રિઝલ્ટ પણ આવી ગયા હશે. એ પરિક્ષામાં ઉતિર્ણ થયેલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને અમારી શુભેચ્છા અને આગળ ના વર્ષોમાં પણ આવી જ પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવું છું. જે વિદ્યાર્થી/વિદ્યાર્થીની ઉત્તિર્ણ ન થયા હોય એમને નિરાશ થવાની જરૂર નથી ધ્યાન રહે આપણે વર્ષ ગુમાવ્યું છે હિંમત નહી તો ફરી નવા જોશ સાથે મહેનત કરી એને પાર કરશું.

માર્ચ મહિનો આવે એટલે હિસાબો ની યાદ આવે. હિસાબો મેળવવાનું કાર્ય ચાલુ છે. ટૂંક સમયમાં કારાબારી સભા નુ આયોજન કરી એમા હિસાબો રજુ કરીશું. અને ત્યારબાદ સામાન્ય સભાનું આયોજન કરીશું

"જય પંચોલી સમાજ"

લી. આપનો વિશ્વાસુ

**ભરત સી. પંચોલી**

પ્રમુખ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## તંત્રી નોંધ...



જય એમ. પંચોલી

વહાલા જ્ઞાતિજનો,

માર્ચ મહિનામાં લેવાયેલ એસએસસી / એચએસસીની પરીક્ષાના રિઝલ્ટ આવી ગયા હશે. જે વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થીનીઓ આ પરીક્ષા દરમ્યાન ઉત્તીર્ણ થયેલા હોય એમને નમ્ર વિનંતી કે એમનું રિઝલ્ટ નવયુગમાં પ્રકાશિત કરવા માટે માર્કશીટની નકલ ફોટા સાથે નીચે આપેલા સરનામા પર મોકલી આપવા.

આ નવયુગ પ્રકાશિત કરવામાં વિલંબ થઈ રહ્યો છે એ બદલ ક્ષમા. એની પાછળ ઘણા કારણો હોય છે એની ચર્ચા અહીં કરવી નથી પરંતુ પ્રયત્ન રહેશે કે દિવાળી અંક આ સમયે દિવાળી દરમ્યાન જ મળી રહે.

સાથે જણાવવાનું કે દિવાળી સિવાય જે નવયુગ પ્રકાશિત કરવામાં આવે છે એ પણ અમે દર ૨ મહિને બહાર પાડવાનો પ્રયત્ન કરીશું પરંતુ એના માટે આપ સર્વે એકમોને અમારી નમ્ર અપીલ છે કે જે એકમોમાં કોઈપણ પ્રકારનો કાર્યક્રમ થતો હોય એની વિગત નીચે આપેલા મોબાઈલ નંબર પર અચૂકથી મોકલી આપશો અને એનું પ્રૂફ ચેક કરવાનો આગ્રહ રાખશો, તો કોઈપણ પ્રકારની ભૂલ ન રહે અને નવયુગ પ્રકાશિત કરવામાં વિલંબ ન થાય.

લી. આપનો વિશ્વાસુ

**જય મધુસુદનભાઈ પંચોલી**

**જીગર નરેન્દ્રભાઈ મપારા**

જય પંચોલી સમાજ

### નવયુગમાં પ્રકાશિત કરવા વિગત મોકલવા માટેનું સરનામું

**૮મો માળ, ૮૦૩-૮૦૪, બ્લુચીપ કોમ્પ્લેક્ષ, સ્ટોક એક્ષચેજન્સની પાસે, સયાજીગંજ, વડોદરા - ૩૯૦૦૨૦ ગુજરાત.**

**વોટ્સએપ મોબાઈલ નંબર**

**મો. ૯૯૯૮૦ ૫૪૪૨૬**

## નવયુગ શુભેચ્છક
## ૨૦મી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી



**સ્વ. રમાબેન બાલુભાઈ પંચોલી - લેસ્ટર યુ.કે.**
**જન્મ : ૨૬.૩.૧૯૫૧ અવસાન ૧૨.૩.૨૦૦૬**

તમારો ધાર્મિક વૃત્તિવાળો માયાળુ સ્વભાવ, કૌટુંબીક ભાવના, પ્રેમ અને તમારા આદર્શ ગુણો અમે જીવનમાં ભુલી શકીશુ નહીં. તારી હિંમત અને સહનશીલતા વાળુ જીવન અમારા જીવન માટે એક સંદેશ છે.
તમારા જેવા ફુલો ખરે છે અને એની સુવાસ મુકી જાય છે. તમે જ્યાં હો ત્યાં તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના......

**અર્પણકર્તા**

*શ્રી બાલુભાઈ ઝીણાભાઈ પંચોલી*
*શ્રી શૈલેષ બાલુભાઈ પંચોલી*
*શ્રીમતિ મનિષા શૈલેષ પંચોલી*
*આયવંત ડી'કોષ્ટા પ્રીતિ ડી'કોષ્ટા*
*ચિ. મેઈસી*

15 Locke Avenue, Leicester, LE4 - 7RZ (U.K.)
Tel : 0116 - 2681475

પંચોલી નવયુગ શુભચિંતક

## નવયુગ શુભેચ્છક
## હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. પુષ્પાબેન અમૃતલાલ મિસ્ત્રી**
**જન્મ : ૦૬.૧૨.૧૯૪૭ સ્વર્ગવાસ : ૧૮.૦૨.૨૦૧૬**
**સ્વ. અમૃતલાલ ઈચ્છારામ મિસ્ત્રી**
**જન્મ : ૦૩.૦૯.૧૯૩૯ સ્વર્ગવાસ : ૨૨.૦૯.૨૦૧૯**

આપના માયાળુ મિલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના અને ધાર્મિકવૃત્તિ, આપની કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા અને તનતોડ મહેનત કરવાના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી. પરમ કૃપાળુ પરમાત્મા આપની આત્માને પરમ શાંતિ આપે એવી પ્રભુ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ.

**અર્પણકર્તા**

**શ્રી નૈનેશ અમૃતલાલ મિસ્ત્રી**
**શ્રીમતિ પરેશા નૈનેશ મિસ્ત્રી**
**ચિ.ઉદય ચિ. જીત**
**ચિ. ભાવિકા ચિ. યશ**

**16/A-304, Arjun Smruti CHSL,**
**New Link Road, Shastri Nagar,**
**Goregaon West, Mumbai-400104**
**Mobile: 9768029263 / 9819369323**

## નવયુગ શુભેચ્છક

### માતુશ્રીની
### ૨૩ મી પૂણ્યતીથીએ શ્રદ્ધાસુમન



**અક્ષરવાસી. મોહનલાલ વલ્લભરામ મિસ્ત્રી**

**અક્ષરવાસી અ.સૌ. ધીરજબેન મોહનલાલ મિસ્ત્રી**
**અક્ષરવાસ : ૨૫.૦૫.૨૦03**

નાનકડો પણ ઉત્તમ શબ્દ 'બા' થી શ્રેષ્ઠ ન બીજો શબ્દ.
બચપણથી 'બા' શબ્દ ગમ્યો, અંદર રગ રગ રમ્યા કર્યો.
'બા' શબ્દ છે સઘળો સાર, એ વિના બીજુ નિરસાર.
ના જાણું ભકિત કે ધ્યાન, તારૂં રહો 'બા' અનુસંધાન.
સોળમી પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ....

**અર્પણકર્તા**

ડો. મહેશભાઈ એમ. મિસ્ત્રી મીરાબેન મહેશભાઈ મિસ્ત્રી
શ્રી મૌલિક મહેશભાઈ મિસ્ત્રી નિયા મૌલિક મિસ્ત્રી
ચિ. રીવાંશી-ચિ. હર્ષિવ મૌલિક મિસ્ત્રી
ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી
ચિ. ધ્યાન વિસ્મય મિસ્ત્રી
ઘર : એ-૫૪, અંબે ગ્રીન સીટી, સ્ટાર મીડીયમ ઈંગ્લીશ
સ્કૂલ પાછળ, વાલીયા રોડ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
દવાખાનું: જોષીયા ફળીયા, અંકલેશ્વર
ફોન : ૨૪૬૫૧૧, મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી દક્ષાબેન દિનેશભાઈ મિસ્ત્રી
શ્રી મલય દિનેશ મિસ્ત્રી ભાવના મલય મિસ્ત્રી
ચિ. અક્ષત તથા ચિ. જાનવી
શ્રી સ્વપ્નીલ ડી. પંચોલી બિન્ની સ્વપ્નીલ પંચોલી
ચિ. ધ્યાની સ્વપ્નીલ પંચોલી
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, હર્ષ પાર્ક, મેઘા ઓટોમોબાઈલ્સ
શો રૂમ સામે, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
મો. : ૯૮૨૪૧ ૭૧૯૩૦
અનુરાધાબેન મનુભાઈ મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક

### ૪૧ મી પૂણ્યતિથિએ
### ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ.ભીખાભાઈ ઈશ્વરભાઈ પંચોલી**
જન્મ.તા.૦૧/૧૧/૧૯૨૮ અ.વા.તા. ૨૩/૦૫/૧૯૮૫

આજે પણ તમારા સત્કર્મોની સુવાસ ચો તરફ માણી શકાય છે
આજે પણ સમગ્ર પરિવાર તમારી પ્રત્યક્ષ ન હોવાની
ખોટ અનુભવી રહ્યો છે. આજે પણ તમારી દરેક દીકરીઓ
જીવનની દરેક સફળતામાં તમારા આશીર્વાદ પામી
ધન્યતા અનુભવી રહી છે.
'જીવન કેટલું જીવ્યા એ મહત્વનું નથી પરંતુ,
કેવું જીવ્યા, કોના માટે જીવ્યા તે મહત્વનું છે.'
આ વાત તમે તમારા ટૂંકા પરંતુ શ્રેષ્ઠ જીવનકાળ દરમ્યાન
સાબિત કરી બતાવી. તમારા સત્કર્મોરૂપી જ્યોત,
અમારા કર્મો દ્વારા હંમેશા પ્રજ્વલિત રહે એજ
મહારાજ સ્વામીના ચરણોમાં અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

પદમા - જ્યોતિ - માયા - પ્રવિણા
હેમા - ગીતા - સોનલ - અલોકી
તથા સમગ્ર પરિવારજનો....

# શ્રી પંચોલી સેવા સમાજ – મુંબઈ

## શ્રી રામનવમી પ્રસંગે નવચંડી હવન ઍવમ્ વાર્ષિક સામાન્ય સભા (૨૦૨૫-૨૦૨૬)

શ્રી પંચોલી સેવા સમાજ – મુંબઈ દ્વારા આયોજિત શ્રી રામનવમી પ્રસંગે નવચંડી હવન ઍવમ્ વાર્ષિક સામાન્ય સભા (૨૦૨૫–૨૦૨૬)ના ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા બદલ આપ સહુનો હૃદયપૂર્વક આભાર!

અમારા આ પવિત્ર અને સામાજિક આયોજનમાં આપની પ્રેરક ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી છે.

**વિશેષ આભાર નોંધઃ**

૧. મા. શ્રીમાન નૈનેશભાઈ અમ્રતલાલ મિસ્ત્રી તથા

૨. શ્રીમતી પરેશાબેન નૈનેશભાઈ મિસ્ત્રી (ગોરેગાંવ) નો,

જેમના અધ્યક્ષપણા હેઠળ આ સમગ્ર કાર્યક્રમ દીપી ઉઠ્યો.

**યજમાન યુગલો : હવનમાં લાભ લેનાર**

૧. શ્રીમતી ભાવનાબેન અને શ્રી સંદીપભાઈ મિસ્ત્રી,

૨. શ્રીમતી શીલાબેન અને શ્રી ભૂપેન્દ્રભાઈ પંચોલી, તથા

૩. શ્રીમતી હેતલબેન અને શ્રી કમલેશભાઈ પંચોલી નો ભક્તિમય સહયોગ બદલ ખૂબ ખૂબ આભાર.

**કાર્યસૂચિ ની સફળતાઃ**

નવચંડી યજ્ઞઃ પવિત્ર હવન અને ૧૨:30 કલાકે હવન પૂર્ણાહુતિમાં સહભાગી થઈ વાતાવરણને આધ્યાત્મિક બનાવવા બદલ.

**વાર્ષિક સામાન્ય સભાઃ**

વર્ષ ૨૦૨૫–૨૬ ના હિસાબોની મંજૂરી અને આગામી વર્ષ ૨૦૨૬–૨૭ ના નવા પ્રમુખશ્રીની વરણીમાં સહકાર આપવા બદલ.

**ગૌરવવંત સન્માનઃ**

ધોરણ ૧ થી ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓનું ઈનામ વિતરણ અને કારોબારી સભ્યોના અભિવાદન પ્રસંગે ઉત્સાહ વધારવા બદલ.

**સ્વાદિષ્ટ ભોજનઃ**

અલ્પાહાર અને સમૂહ ભોજનની વ્યવસ્થામાં શિસ્ત અને સ્નેહ જાળવવા બદલ તમામ સભ્યોનો આભાર.

આપ સહુના સાથ, સહકાર અને અતૂટ વિશ્વાસને કારણે જ આ પ્રસંગ યાદગાર અને સંસ્મરણીય બની રહ્યો છે.

ભવિષ્યમાં પણ આપનો આવો જ સ્નેહ અને સહયોગ મળતો રહેશે એવી અમૃત અભિલાષા.

લિ. સ્નેહાધીન, કારોબારી સભ્યો (૨૦૨૫–૨૬)
(શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ),(યુવા મંચ આવીષ્કાર ગ્રુપ–મુંબઈ)
(શ્રી પંચોલી ભગિની સમાજ – મુંબઈ)

### રામનવમી હવન નિમિત્તે મળેલ દાનની યાદી (૨૯ માર્ચ - ૨૬)

**શૈક્ષણિક સહાય યોજના અને કન્યાદાન યોજના – ફંડ**

૧. શ્રી રાકેશ નવીનચંદ્ર મિસ્ત્રી અને શ્રી નવીનચંદ્ર લલ્લુભાઈ મિસ્ત્રી – પરિવાર (મીરા રોડ) : ૨૫૦૦૧/– (શૈક્ષણિક સહાય)

૨. શ્રી વિશાલભાઈ કમલભાઈ કાપડિયા અને પરિવાર (મીરા રોડ) : ૨૫૦૦૧/– (શૈક્ષણિક સહાય)

૩. માનનીય ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી (નવસારી) : ૧૧૦૦૧/– (કન્યાદાન ભેટ)

૪. શ્રી નૈનેષભાઈ અમ્રતલાલ મિસ્ત્રી (ગોરેગાંવ): ૧૦,૦૦૧/– અધ્યક્ષ સ્થાને શ્રી પંચોલી સેવા સમાજ ને ભેટ

૫. શ્રીમતી પરેશાબેન નૈનેષભાઈ મિસ્ત્રી (ગોરેગાંવ): ૫૦૦૧/– અધ્યક્ષા સ્થાને શ્રી પંચોલી ભગિની સમાજ ને ભેટ

૬. માનનીય નિરંજનાબેન સુરેશભાઈ મિસ્ત્રી (અંધેરી): ૧૧૧૧૧/– (કન્યાદાન ભેટ)

૭. એક સદ્ગૃહસ્થ તરફથી, ગોરેગાંવઃ ૭૭૭૭/– (કન્યાદાન ભેટ)

૮. મનશ્રી અજયભાઈ સોમાભાઈ મહેતા (કાંદિવલી): ૧૫૦૦૦/– (કન્યાદાન ભેટ)

૯. માનનીય હંસાબેન જયંતિલાલ મિસ્ત્રી (મીરા રોડ): ૧૧,૦૦૦/– (કન્યાદાન ભેટ)

૧૦.શ્રીમતી મીનાબેન કમલભાઈ કાપડિયા (મીરા રોડ): ૧૧,૧૧૧/– (કન્યાદાન ભેટ)

૧૧.શ્રી પ્રવીણચંદ્ર ડાહ્યાભાઈ મિસ્ત્રી (જોગેશ્વરી): ૫૦,૦૦૨/– (શૈક્ષણિક સહાય)

૧૨.શ્રી સંદીપભાઈ પ્રમોદભાઈ મિસ્ત્રી (અંધેરી): ૫૦૦૧/– રામનવમી હવન નિમિત્તે ભેટ

૧૩.શ્રી કમલેશભાઈ ધીરજલાલ પંચોલી (મુંબઈ – દુભાષલેન) : ૨૧૦૦/– રામનવમી હવન નિમિત્તે ભેટ

૧૪.શ્રી ભુપેન્દ્રભાઈ ધીરજલાલ પંચોલી (મુંબઈ – દુભાષલેન): ૨૧૦૦/– રામનવમી હવન નિમિત્તે ભેટ

૧૫.શ્રી નરેન્દ્રભાઈ રતીલાલભાઈ ગાંધી (મીરા રોડ): ૧૦૦૦/– મહેમાન ફી

૧૬.શ્રીમતી કુંદનબેન નરેન્દ્રભાઈ ગાંધી (મીરા રોડ): ૧૦૦૦/– મહેમાન ફી

૧૭.શ્રીમતી ભાવિકાબેન ઓજસભાઈ પંચાલ (દહિસર): ૧૦૦૦/– મહેમાન ફી

૧૮.શ્રી ઓજસભાઈ મહેશભાઈ પંચાલ (દહિસર): ૧૦૦૦/– મહેમાન ફી

# શ્રી પંચોલી સેવા મંડળ, રાજપીપલા

### મા નર્મદા ની ઉત્તરવાહિની પરિક્રમા નિમિત્તે

શ્રી પંચોલી સેવા મંડળ, રાજપીપલા દ્વારા મા નર્મદા ની ઉત્તરવાહિની પરિક્રમા નિમિત્તે તા. ૧૧–૦૪–૨૦૨૬ સાંજે ૪:૦૦ વાગ્યાથી ૧૨–૦૪–૨૦૨૬ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી સેવાયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવાયજ્ઞ આપ સૌના ઉષ્માભર્યા સહયોગ, વર્ષોની જમા રાશિ અને સમાજના એકતાભાવના કારણે ખુબ જ સફળ રહ્યો. આ આયોજન દ્વારા શ્રી પંચોલી સમાજ રાજપીપલાનું ગૌરવગાન થયું.

**વિશેષ આભાર અને કૃતજ્ઞતા**

એક શુભેચ્છક દ્વારા પાંચ થાળ ભરી મોહનથાળ

**: સમયનું દાન આપનાર સેવાભાવી દાતાશ્રીઓ :**

મુ. અરવિંદભાઈ પંચોલી, ભાવેશભાઈ નિખિલભાઈ
ગોપાલભાઈ ચંદ્રકાંતભાઈ, દિનેશભાઈ (વડોદરા)
અગમભાઈ તથા તૃપ્તિબેન
ડૉ. હિમાંશુભાઈ તથા અર્ચનાબેન
જયેશ સી. પંચોલી
ભાથીજી યુવક મંડળ (વડોદરા)

**પરિક્રમાવાસીઓ માટે આપવામાં આવેલી સેવા:**

સૂકી ભેલ, મસાલા છાશ, સેવ ઉસળ, મોહનથાળ

**: આર્થિક વિગત :**

આ વર્ષે સમાજ પાસેથી નવી સહયોગ રાશિ લેવામાં આવી નથી.

ગયા વર્ષની બચત ₹૧૯,૫૨૮ નો સંપૂર્ણ ઉપયોગ સેવાયજ્ઞ માટે કરવામાં આવ્યો છેમ

**: સેવાયજ્ઞના મુખ્ય ઉદ્દેશો પૂર્ણ થયા :**

પરિક્રમાવાસીઓના આશીર્વાદ પ્રાપ્ત થયા




# અંકલેશ્વર મહિલા મંડળ

તા. ૯–૪–૨૦૨૬ ના રોજ મહિલા મંડળની મિટિંગ શાલિમાર ગાર્ડન રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી, ત્યારબાદ નક્કી કરેલ મુજબ ૫ મિનીટ યોગા કરી તથા વિવિધ એક્સરસાઈઝ કરી, મિટિંગની શરૂઆત કરી.

ત્યારબાદ ગત મિટિંગનો અહેવાલ મંત્રી ખુશ્બુબેન મિસ્ત્રીએ વાંચીને મિટિંગને આગળ વધારી. જાગૃતિબેન સંજયભાઈ એ બર્થડેની ઉજવણી કરી, મહિલાઓને બર્થડેની ભેટ આપી.

**પ્રોજેક્ટ–૧:** શાલિમાર ગાર્ડનમાં વિવિધ ગેમ્સની સ્પર્ધા કરી. મહિલા મંડળમાં ૨૩ સભ્યો છે. આ મિટિંગમાં ૧૨ સભ્યો હાજર હતા. મહિલાઓને અને બાળકોને મંત્રી ખુશ્બુબેન મિસ્ત્રીએ હાઉઝીની ગેમ રમાડી હતી.

ત્યારબાદ ફસ્ટ લાઈન, સેકન્ડ લાઈન, થર્ડ લાઈન સહ કવીક ફાઈવ તથા ફુલ હાઉસ રમાડવામાં આવી હતી. તેમાં ફસ્ટ લાઈન સ્નેહાબેન મિસ્ત્રી, સેકન્ડ નીપાબેન મિસ્ત્રી, તથા લાસ્ટ લાઈનમાં કેતકીબેન મિસ્ત્રીનો નંબર આવ્યો હતો. ત્યારબાદ ૨ ફુલહાઉસમાં પહેલા નીપાબેન મિસ્ત્રી, બીજો નંબર રેખાબેન મિસ્ત્રીનો હતો. ત્યારબાદ ફસ્ટ સ્ટાર માં દક્ષાબેન અને મીરાબેનનો નંબર આવ્યો હતો. બધા વિજેતાઓને હેર એસેસરીઝ આપવામાં આવી હતી.

છોકરાઓને વિવિધ ગેમ રમાડી જેમકે ઉભી ખો, અલગ અલગ રીલ્સ તથા ખૂબ જ ફોટા પાડ્યા. સૌએ ખૂબ જ આનંદ માણ્યો.

**પ્રોજેક્ટ–૨:** પ્રોજેક્ટ મુજબ ગાર્ડનમાં વિવિધ ઘરેથી બનાવેલ નાસ્તો સાથે પાર્ટી નો આણંદ માણ્યો. સૌ મહિલાઓ ઘરેથી વિવિધ વાનગી લાવી હતી, જેમ કે ઢોકળા, ભેળ, સમોસા, વેફર, દૂધીના મુઠીયા, વડા, ચણાની દાળની મીક્સ ભેળ, ભુસુ તથા મહિલા મંડળ તરફથી કોલ્ડ્રિંક્સ લાવવામાં આવી હતી. સૌ મહિલાઓએ ડબ્બા પાર્ટીનો ખૂબ જ આનંદ માણ્યો. સૌએ એકબીજાનો અલગ–અલગ નાસ્તો ખાધો. બધી મહિલાઓએ ખૂબ જ એન્જોય કર્યું.



# અંકલેશ્વર મહિલા મંડળ

### મે અહેવાલ

તા. ૨૦–૫–૨૬ બુધવાર ના દિવસે મહિલા મંડળની મિટિંગ સંજોગો અનુસાર તથા ગરમીના કારણે ઓનલાઈન મિટિંગ કરવામાં આવી હતી. મિટિંગ ની શરૂઆત પ્રાર્થના થી કરવામાં આવી.

### પ્રોજેક્ટ - ૧

ગરમીમાં ઠંડક આપે એવી વિવિધ ચાટ ની વાનગી ઓ બનાવી સ્પર્ધા કરી, સૌ બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ બધાએ ઓનલાઈન ફોટા મૂક્યા. સૌએ પાણીપુરી, ભેળ, દહીચાટ, દહીબુંદી, જલજીરા ભેળ, અલગ અલગ ઠંડક આપે તેવા જ્યુસ, દહીં, કાકડી, એપલ, બીટરૂટ રાયતા, કસ્ટર્ડ જેલી, રાજભોગ આઈસ્ક્રીમ, મુંબઈ મસાલા સેવપુરી ચાટ, વુડ એપલ કુલર, રોઝ જ્યુસ વગેરે ના ફોટા ઓનલાઈન મુકવામાં આવ્યા સૌ બહેનોએ ખૂબ જ રસપૂર્વક ભાગ લીધો હતો ખૂબ જ મહેનત કરી ભાગ લીધો હતો. સૌને કોન્સોલેશન માં પર્સ આપવામાં આવ્યા.

### પ્રોજેક્ટ - ૨

બ્યુટિ અને હેલ્થ અંગે વિવિધ ટીપ્સ રજૂ કરવામાં આવી. મહિલા મંડળ ની સભ્ય ગાયત્રી કૃણાલભાઈ પંચોલી બ્યુટીશન હોવાથી ખૂબ જ સરસ બ્યુટિ અને હેલ્ધી શું ખાવું જોઈએ તથા સારી સ્કીન જાળવવા માટે શું હેલ્ધી ખાવું જોઈએ તે ઓનલાઈન વિડિયો સૌ સાથે શેર કર્યો. સૌને ખૂબ જ સરસ જાણકારી આપી.

ત્યારબાદ આવતા મહિના ની મિટિંગ સોનલબેન પંચોલી ના નિવાસસ્થાને નક્કી કરવામાં આવી.

# તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા.

### એપ્રિલ અહેવાલ

એપ્રિલ– ૨૦૨૬ ના માસની કારોબારી સભ્યોની મિટિંગ શ્રીમતી જ્યોતીબેન કે. પંચોલીના નિવાસ સ્થાને તા. ૮–૪–૨૦૨૬ ને બુધવારના રોજ બપોરના ૩–૩૦ કલાકે રાખવામાં આવી.

મિટિંગની શુભ શરૂઆત નર્મદાષ્ટક સ્તોત્રનું સમૂહમાં ગાન કરવામાં આવ્યું. જ્યોતીબેનએ સૌ બહેનોને ચા– કોફી પીવડાવી સ્વાગત કર્યું. સમાજમાં દિવંગત પામેલા આત્માઓની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. એપ્રિલ માસમાં આવેલ પ્રોજેક્ટ અનુસાર વિવિધ રમત રમાડવામાં આવી. લીંબુ ચમચીની રમત રમાડવામાં આવી. વર્તુળમાં ઉભા રહી હડો પસાર કરવાની રમત રમાડી. સંગીત ખુરશીની રમત રમાડી. રમત રમવાથી બધાને બાળપણની યાદો આવી ખૂબ મજા આવી.

ત્યારબાદ જ્યોતીબેને ગેમ રમાડી. ગેમમાં વિજેતા બહેનોને જ્યોતીબેને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા. ત્યારબાદ સમય અનુકૂળતાએ બધા ગાર્ડનમાં ભેગા મળી ડબ્બા પાર્ટી કરવાનું ચર્ચા કરી. તારીખ અને સ્થળ નક્કી કરવા અંગે એકબીજાના મંતવ્યો લીધા. સમૂહમાં હાઉસીની રમત રમ્યા.

અંતમાં જ્યોતીબેને સ્વાદિષ્ટ ચટાકેદાર ગરમા ગરમ રગડા પેટીસ નો નાસ્તો કરાવ્યો. સ્વાદિષ્ટ નાસ્તો તેમજ સુંદર આયોજન કરવા બદલ નિમાબેન સૌ બહેનોવતી જ્યોતીબેન, કેશવીવહુ તેમજ તેમના પરિવારનો આભાર વ્યક્ત કર્યો.

આગામી મિટિંગ નિમા. ડી. પંચોલીને ત્યાં રાખવામાં આવી છે તેની જાણ કરવામાં આવી.

# શક્તિ મહિલા મંડળ ગણદેવી

## સપ્ટેમ્બર - ૨૦૨૫ અહેવાલ

તા–૧૭–૯–૨૫ ના રોજ શ્રીમતી વૈશાલીબેન ના નિવાસ સ્થાને એકત્રિત થયા અને વડીલોના ફોટા મૂકી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી ભજનો ગાયા, સૌ બહેનોએ પોતાના ઘરે વડીલોને શ્રદ્ધાંજલિ આપી થાળ ધરાવ્યો. આ પ્રોજેક્ટ માં સમાજના કુલ ૯ બહેનો હાજર રહ્યા હતા.

અંતમાં મહિલા સંગઠન તરફથી શક્તિ મંડળને પ્રથમ ક્રમના વિજેતા નું ઈનામ આપવા બદલ બહેનોએ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેનનો ખૂબ આભાર માન્યો.

તા.૪–૧૦–૨૫ ના રોજ બહેનોએ નવરાત્રી નિમિત્તે જિજ્ઞાસાબેન ના ઘરે ગરબા અને રાસના પ્રોગ્રામનું આયોજન કર્યું. શ્રી આદ્યશક્તિ જગદંબામાતાની આરતી ઉતારી સૌ બહેનોએ પારંપરિક પરિધાન સાથે ગરબાની રમઝટ બોલાવી અને માથાપર માતાજીની આરતી લઈ ગરબે ઘૂમ્યા અને દાંડિયારાસ રમી ધૂમ મચાવી.

**એક્સ્ટ્રા પ્રોજેક્ટ :**

બહેનોએ મહાનવમી ના દિવસે નવદુર્ગાપૂજન અને બાલિકાઓને ભેટ આપી.

## ઓક્ટોબર - ૨૦૨૫ અહેવાલ

શક્તિ મહિલા મંડળની બહેનોએ ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે નિબંધ લખી ગ્રુપ પર ફોટા મૂકી ઓનલાઇન પ્રોજેક્ટ પૂર્ણ કર્યો.

ઓક્ટોબર માસના આપેલ પ્રોજેક્ટ મુજબ સૌ બહેનોએ દિવાળીમાં ઘરની સુંદર સજાવટ કરી, સુંદર રંગોળી પૂરી, લાઈટિંગ કરી ધનતેરસની પૂજા, ચોપડા પૂજન, દીવડાની સજાવટ કરી પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી ઓનલાઇન ફોટા મૂકી એકબીજાને દિવાળીની અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી.

**એક્સ્ટ્રા પ્રોજેક્ટ : નવેમ્બર – ૨૫**

૧) શક્તિ મંડળની બહેનોએ દેવઉઠી એકાદશીના દિવસે તુલસીવિવાહની પૂજાવિધિ કરી અને દેવદિવાળીના દિવસે સુંદર રંગોળી અને દીપ પ્રાગટ્ય કરી દેવદિવાળીની ઉજવણી કરી.

૨) તા. ૨૦–૧૧–૨૫ ને યુનિવર્સલ ચિલ્ડ્રન્સ ડે અને ૧૪મી નવેમ્બર ચિલ્ડ્રન્સ ડે નિમિત્તે બહેનોએ આંગણવાડીમાં જઈ બાળકોને ફળનું વિતરણ કર્યું અને આંગણવાડીની બહેનો સાથે બાળકોને પોષણક્ષમ અને સ્વાસ્થ્ય યુક્ત ભોજન કઈ રીતે રોજ આપવામાં આવે છે તે વિશેની ચર્ચા કરી. આ પ્રોજેક્ટમાં કુલ ૬ બહેનોએ ભાગ લીધો.

તા. ૨૯–૧૧–૨૫ ના રોજ નવેમ્બર માસનો પ્રોજેક્ટ શ્રીમતી વૈશાલીબેનના નિવાસસ્થાને રાખવામાં આવ્યો જેમાં બહેનો વેસ્ટમાંથી બેસ્ટ એટલે ખૂબ સુંદર આઈટમો બનાવી લાવ્યા હતા અને એ વસ્તુઓ બનાવવાની ટીપ્સ રજૂ કરવામાં આવી. તેમજ શિઘ્રવર્તન અને શિસ્ત વકૃત્વમાં બહેનોએ આપેલ વિષયો મુજબ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. વૈશાલીબેને જંકફૂડ વિશે સ્વાસ્થ્ય અંગે લાલબત્તી ધરતી માહિતી આપી, ભાવનાબેને મોબાઈલની બાળકોના ચિત્ત પર પડતી અસર વિશે વક્તવ્ય રજૂ કર્યું, મનીષાબેને સરગવાની શીંગ સ્વાસ્થ્ય માટે કેટલી ઉપયોગી છે એના વિશે ટીપ્સ રજૂ કરી. ભૂમિકાબેને સૂકાફૂલ માંથી ધૂપ બનાવવાની ટીપ્સ રજૂ કરી.

## ડિસેમ્બર - ૨૦૨૫ અહેવાલ

તા. ૨૫ ડિસેમ્બર ના દિવસે તુલસીપૂજન દિવસ નિમિત્તે તુલસી પૂજન કર્યું.

તા.૨૯–૧૨–૨૫ ના રોજ શ્રીમતી ભાવનાબેનના નિવાસસ્થાને સૌ બહેનો ભેગા મળી લગ્નના ગીતો ગાયા જેમાં ગણેશ સ્થાપના થી લઈને કન્યાનો શણગાર અને વિદાય સુધીના લગ્ન ગીતો ગાયા. અંતમાં ચોક્લેટનું વિતરણ કરી બહેનોને ગિફ્ટ આપવામાં આવી. આ પ્રોજેક્ટમાં કુલ ૮ બહેનો હાજર રહ્યા હતા.

તા. ૧૧–૨–૨૬ ના રોજ બહેનોએ આયુષ પ્રોજેક્ટ મુજબ કુલ બોડી ચેકઅપ કેમ્પમાં શરીરના તમામ પ્રકારના રિપોર્ટ આધુનિક જાપાનીઝ ટેક્નોલોજી મશીન દ્વારા કુલ બોડી ચેકઅપ કરાવ્યું.

**એક્સ્ટ્રા પ્રોજેક્ટ :** તુલસીપૂજન

## જાન્યુઆરી - ૨૦૨૫ અહેવાલ

તા. ૧–૧–૨૬ ના રોજ બહેનોએ વેસ્ટર્ન ડ્રેસ પહેરી વર્ષ ૨૦૨૫ ને વિદાય આપી વર્ષ ૨૦૨૬ ને વેલકમ કરી વેલકમ સોંગ ગાયું અને નવા વર્ષની ઉજવણી કરી મનીષાબેન તરફથી શિયાળાનું ગરમા ગરમ સ્વાદિષ્ટ ઉંબાડિયું અને ચટણી નો સ્વાદ માણ્યો અને અંતે ઠંડા શરબત ને ન્યાય

આપી સૌ છૂટા પડ્યા.

તા. ૧૪–૧–૨૬ ને મકરસંક્રાંતિ ના દિવસે બહેનોએ ઉત્તરાયણ નિમિત્તે વિવિધ પ્રકારની ચીકીઓ બનાવી, લાડુ બનાવ્યા. જેમાં તલની ચીકી, સિંગદાણાની મમરાની ચીકી, દાળિયા–સિંગદાણા ની ચીકી, માવા ચીકી વગેરે બનાવી ફેમિલી સાથે ઉત્તરાયણ પર્વમાં પતંગ ચગાવી ઉજવણી કરી.

તા. ૨૨–૨–૨૬ ના રોજ બહેનોએ મકરસંક્રાંતિ પર્વ દાન નો મહિમા નિમિત્તે ગાયને ઘાસચારો અને ગરીબોને બિસ્કીટ અને સેવ મમરાના પેકેટનું દાન કર્યું.

૨૬ મી જાન્યુઆરી રીપબ્લિક ડે નિમિત્તે બહેનોએ દેશભક્તિ ગીત ગાયા અને અંતમાં રાષ્ટ્રગીત ગાઈ ને સૌ છૂટા પડ્યા.

**એક્સ્ટ્રા પ્રોજેક્ટ :**

૧) ૨૦૨૬ વર્ષનું વેલકમ

૨) ૨૬ મી જાન્યુ. ની ઉજવણી

## ફેબ્રુઆરી - ૨૦૨૬ અહેવાલ

તા. ૧૫–૨–૨૬ ના રોજ મહાશિવરાત્રી નિમિત્તે શક્તિ મંડળની બહેનોએ શિવાલય જઈને મહાદેવની પૂજા અર્ચના કરી અને ઘી ના કમળના દર્શન કર્યા.

તા. ૧૪–૨–૨૬ ને વેલેન્ટાઇન ડે નિમિત્તે બહેનો શ્રીમતી વૈશાલીબેન ના નિવાસસ્થાને એકત્રિત થયા અને એકબીજાને રોજ (ગુલાબ) આપ્યું અને મહિલા મંડળના વડીલ માતા શ્રીમતી હેમલતાબેન ને શાલ ઓઢાડી મુખ્યગુરુ પદ વંદન કરી વેલેન્ટાઇન ડે ની ઉજવણી કરી.

શક્તિ મંડળની બહેનોએ આપેલ પ્રોજેક્ટ મુજબ શિયાળાને અનુરૂપ વિવિધ વસાણા, ગાજરનો હલવો, લીલી તુવેરની વાનગી, હેલ્થી પાક–લાડુની વાનગી, ધાણા–જીરુની ચટણી વિ. વાનગીઓ બનાવી ગ્રુપ પર ફોટા મૂકી ઓનલાઇન પ્રોજેક્ટ પૂર્ણ કર્યો.

**એક્સ્ટ્રા પ્રોજેક્ટ :**

૧) મહાશિવરાત્રી પર્વની ઉજવણી.

## માર્ચ - ૨૦૨૬ અહેવાલ

શક્તિ મહિલા મંડળની બહેનોએ હોલિકા દહન ના દિવસે હોળીમાતાની શ્રધ્ધાપૂર્વક પૂજા કરી સૌને આરોગ્ય નું સુખ મળે એ માટે પ્રાર્થના કરી.

રંગપંચમી ના દિવસે શ્રીમતી ભાવનાબેન ના નિવાસ સ્થાને બહેનો ભેગા મળી એકબીજાને ગુલાલ લગાડી ધૂળેટીની ઉજવણી કરી.

– ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે બહેનોએ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું અને શાયરી બોલ્યા અને વિશ્વની તમામ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવી.

માર્ચ માસના આયુષ પ્રોજેક્ટ મુજબ આધુનિકતાનું આંધળું અનુકરણ વિશે શ્રીમતી વૈશાલીબેને પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. આધુનિકતા ના અનુકરણના હકારાત્મક અને નકારાત્મક પાસા વિશે જણાવ્યું. અને ભારતીય સંસ્કૃતિ, કૌટુંબિક મૂલ્ય અને સામાજિક માળખાને નુકશાન પહોંચાડે છે એ જણાવ્યું. આધુનિકતા નો સ્વીકાર વિવેકબુદ્ધિ થી કરવો જોઈએ. ટેક્નોલોજી, શિક્ષણ અને સમાનતા જેવા હકારાત્મક પાસાઓ અપનાવવા જોઈએ. એ વિશેનો એમનો વ્યાસ રજૂ કર્યો.

તા. ૨૬–૩–૨૬ ને રામનવમી ના દિવસે ગણદેવી એકમ માં દરવર્ષની જેમ પંચની વાડીમાં રામનવમી નિમિત્તે હવન–પૂજા નો કાર્યક્રમ થાય છે તેમાં શક્તિ મંડળની બહેનોએ ભાગ લીધો. હવન પૂજામાં યજમાન તરીકે પંચના પ્રમુખ શ્રી ચિન્તુકુમાર અને શ્રીમતી વૈશાલીબેને લ્હાવો લીધો અને સમાજના તમામ સભ્યો સાથે યજ્ઞમાં શ્રધ્ધાપૂર્વક પૂજાહવન કરી આહુતિ આપવામાં આવી. શ્રી રામચંદ્રજી ભગવાન અને અંબામાતાની આરતી ઉતારી પ્રસાદ લીધો અને સૌ સભ્યોએ દેશવિદેશમાં વસતા સૌ જ્ઞાતિજનો ને સુખ–શાંતિ અને સમૃધ્ધિ મળે અને વિદેશોમાં ચાલતા યુદ્ધને વિરામ મળે એ માટે પ્રાર્થના કરી.

અંતમાં સૌ જ્ઞાતિજનોએ મહાપ્રસાદ લીધો અને છૂટા પડ્યા.





# પંચોલી ભગીની સમાજ

**રાજપીપલા, જી. નર્મદા.**

રાજપીપલા પંચોલી ભગીની સમાજની બહેનોના જય શ્રી કૃષ્ણ

રાજપીપલા ભગીની સમાજ બહેનો જાન્યુઆરી–૨૬ ની મિટીંગ રાજશ્રીબેન મહેશભાઇ પંચોલીને ત્યાં રાખવામાં આવી. પ્રાર્થના થી મિટીંગની શરૂઆત કરવામાં આવી. રાજશ્રીબેને બહેનોનું સ્વાગત કરીને વેલ્કમડ્રીંક પીવડાવ્યું. ત્યારબાદ કરાઉ. કે. થી બધી બહેનોએ અલગ અલગ સોંગ ગાયું અને આનંદ અનુભવ્યો. એનઆરઆઇ રેખાબેન મુકુંદભાઇ પંચોલીને આમંત્રણ આપીને બોલાવ્યા હતા. તેમને સમાજને રૂા. ૨૫૦૦/– દાન આપ્યા. ત્યારબાદ ગેમ, હાઉસી રમીને ગીફ્ટ લઇને મજા કરી. રાજશ્રીબેને બધાને ગરમા ગરમ ઇડલી–સંભાર અને આઇસ્ક્રીમ ખાઇને છૂટા પડ્યા.

રાજપીપલા ભગીની સમાજની બહેનોએ ફેબ્રુઆરી–૨૬ ની મિટીંગ આપના વડીલ ઉષાબેન મુકેશભાઇ ને ત્યાં રાખવામાં આવી. પ્રાર્થનાથી મિટીંગની શરૂઆત કરી. ઉષાબેન બધી બહેનોને વેલ્કમડ્રીંક આપ્યું. ઉષાબેન અને રીનાબેન કંચનભાઇ એ બધી બહેનોને ગીફ્ટ આપ્યા. રાજપીપલાના એનઆરઆઇ વર્ષાબેન અને ભગીની સમાજના પ્રમુખ સ્નેહાબેન, પુત્ર–વહુ જય–પલક ને આમંત્રણ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું. તેમને ભગીની સમાજ તરફથી ગણપતિ બાપાની ફ્રેમ આપવામાં આવી. આવેલ મહેમાનો સમાજને વર્ષાબેન તરફથી રૂા. ૧૫૦૦/– અને જય પલક તરફથી રૂા. ૧૦૦૦/– ભગીની સમાજને દાન પેટે આપ્યા. ત્યારબાદ ઉષાબેને બધાને હાઉસીની ગેમ રમાડી જીતનારને ગીફ્ટ આપી. અંતે ઉષાબેને બધાને કાઠીયાવાડી ભોજન જમાડ્યુ. ત્યારબાદ બધી બહેનો છુટા પડ્યા.

# પંચોલી સમાજ ગણદેવી એકમ



ગણદેવી એકમ પંચોલી પંચની વાડીમાં રામનવમી નિમિત્તે હવન પૂજાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો જેમાં પંચના પ્રમુખ શ્રીચિતુંકુમાર મિસ્ત્રી અને શ્રીમતી વૈશાલીબેને યજમાન તરીકે લ્હાવો લીધો.

શ્રી રામચંદ્રજી ભગવાન અને અંબા માતાની આરતી ઉતારી સૌએ પ્રભુને દેશ વિદેશમાં વસતા સૌ જ્ઞાતિજનોને સુખ શાંતિ અને સમૃદ્ધિ મળે અને વિદેશોમાં ચાલતા યુદ્ધને વિરામ મળે એ માટે પ્રાર્થના કરી. અંતમાં સૌ જ્ઞાતિજનોએ મહાપ્રસાદ લીધો.

જય શ્રી રામ, જય માતાજી – જય પંચોલી સમાજ

# પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા

શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા અને શ્રી પંચોલી મહિલા મંડળ દ્વારા ના સંયુક્ત ઉપક્રમે વ્યારા ખાતે પ્રથમ વખત તા. ૨૬–03–૨૬ ગુરુવાર રામ નવમી નિમિત્તે હવન વિધિ રાખવામાં આવેલ છે. સાથે સમસ્ત સમાજ નુ મહાપ્રસાદી નું આયોજન કરવામાં આવેલ છે.

# વ્યારા મહિલા મંડળ

મંત્રી - પ્રવિણા ગાંધી

## નવેમ્બર - ૨૦૨૫ અહેવાલ

પ્રગતિ મહિલા મંડળની તા. ૧૬–૧૧–૨૫ ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી.

મીટિંગની શરૂઆત દિવાળીના દીવા પ્રગટાવી કરી.

મહિલા મંડળની સંખ્યા (૪૫) બહેનો હાજર રહ્યા હતા. મીટિંગમાં કરેલ કાર્યવાહીમાં મીટિંગની શરૂઆત સૌ પ્રથમ પ્રાર્થના થી કરવામાં આવી. અમી બહેને સુંદર પ્રાર્થના રજૂ કરી. પ્રવિણા બહેને સૌ બહેનો ને નવા વર્ષની શુભેચ્છા પાઠવી. મીટિંગ દરમિયાન સરપ્રાઇઝ ગેમ રમાડી તેના વિજેતા પદમાબહેન બન્યા.

ઓક્ટો., નવે., માસમાં જે બહેનોની બર્થ–ડે અને એનીવર્સરી આવતી હોય તેની ભેટ આપી શુભેચ્છા પાઠવી.

ઓક્ટો. માસમાં આપેલ પ્રોજેક્ટ અનુસાર ગાંધી જયંતી અને સરદાર વલ્લભભાઇ જયંતી નિમિત્તે નિબંધ સ્પર્ધા ઓનલાઇન ગ્રુપ પર ફોટા મુક્યા.

ઓક્ટો. માસમાં પ્રોજેક્ટ અનુસાર બહેનોએ રંગોળી, લાઇટીંગ થી દિવાળીમાં ઘરને સજાવવું, પરિવાર સાથે ઉજવણી કરી તેના વિડિયો અને ફોટા ઓનલાઇન મુક્યા. બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો.

નવેમ્બર માસમાં આપેલ પ્રોજેક્ટ અનુસાર શીઘ્રવર્તન અને વકૃત્વ સ્પર્ધા રમાડવામાં આવી. બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં ગીતા બહેન ગાંધી, આનંદી બહેન, પ્રિયંકા બહેન, કુસુમ બહેન, દક્ષા બહેન, ભાવના બહેન ભાગ લીધો.

વેસ્ટમાંથી બેસ્ટ ટીપ્સ અને ઘરમાં સ્વચ્છતા માટે ટીપ્સ બહેનો એ ભાગ લીધો.

પદમાબહેન, કુસુમબહેન, મનીષાબહેન, રીનાબહેન, યોગિતાબહેન, જયોત્સનાબહેન એ ટીપ્સની રજૂઆત કરી.

ગીતાબહેન ગાંધી એ મહિલા મંડળ ને હજી આગળ વધે તે માટે બહેનોને પ્રોત્સાહિત કર્યા.

મીટિંગ પૂરી થયા બાદ વડાપાંઉ અને ગુલાબજાંબુ આરોગી આનંદથી છૂટા પડ્યા.

ગુલાબજાંબુ સોનલબહેન તરફથી હતા. સોનલબહેનનો ખૂબ ખૂબ આભાર.

**દાન :**

ગીતા બહેન જયેશભાઇ ગાંધી – રૂા. ૫૦૧/–

પૌત્રી આરીર્યાના જન્મ નિમિત્તે

– આનંદીબહેન ભરતભાઇ પંચોલી – બર્થડે નિમિત્તે – રૂા. ૧૦૧/–

– ભાવનાબહેન નિતેશભાઇ પંચોલી – બર્થડે નિમિત્તે – રૂા. ૫૦/–

**એક્સ્ટ્રા પ્રોજેક્ટ :**

ગ્લાસ બોલની ગેમ રમાડવામાં આવી. તેના વિજેતા

– કિરણબહેન ધર્મેશભાઇ પંચોલી (પ્રથમક્રમ)

– ગીતાબહેન ભૂપેન્દ્રભાઇ પંચોલી (બીજાક્રમ)

– આનંદીબહેન ભરતભાઇ પંચોલી (ત્રીજાક્રમ)

–પ્રભાબહેન જમિયતભાઇ પંચોલી (ત્રીજાક્રમ)

પ્રોગ્રામમાં ભાગ લેનાર તથા દાન આપનાર દાતાઓનો ખૂબ ખૂબ આભાર.

## ડિસેમ્બર - ૨૦૨૫ અહેવાલ

પ્રગતિ મહિલા મંડળની મીટિંગ તા. ૨૮–૧૨–૨૦૨૫ ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી.

મહિલા મંડળ ની સંખ્યા (૪૦) બહેનો હાજર રહ્યા હતા. મીટિંગમાં કરેલ કાર્યવાહીમાં મીટિંગની શરૂઆત પ્રાર્થના થી કરવામાં આવી. પ્રભાબહેને સુંદર પ્રાર્થના રજૂ કરી.

ડિસેમ્બર માસમાં જ બહેનોની બર્થ–ડે અને એનીવર્સરી આવતી હોય તેને ભેટ આપી શુભેચ્છા પાઠવી.

ડિસે. માસમાં આપેલ પ્રોજેક્ટ અનુસાર લગ્નગીતની શરૂઆત કરી. (૧૦) બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો. ભાગ લેનાર બહેનોને અભિનંદન.

પ્રોજેક્ટ અનુસાર રોટરી ક્લબ તરફથી બહેનોના સ્વાસ્થ માટે, સ્તન કેન્સર માટે મેમોગ્રાફી કરવામાં આવી. જેમાં ૩૫ થી ૪૦ બહેનોએ ચેકઅપ કરાવ્યું.

મીટિંગ પૂરી થયા બાદ પેટીસ નો નાસ્તો કરી છૂટા પડ્યા.

**દાન.**

૧. ભાવનાબેન ભવનીશભાઇ પંચોલી – બર્થ ડે – રૂા. ૫૧
૨. પદમાબેન હસમુખભાઇ પંચોલી – બર્થ ડે – રૂા. ૧૦૦
૩. જયોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી – બર્થ ડે – રૂા. ૧૦૧
૪. વર્ષાબેન ભદ્રેશભાઇ પંચોલી – બર્થ ડે – રૂા. ૧૦૧

૫. મનાલીબેન ટોનીભાઇ પંચોલી – એની. – રૂા. ૫૧
૬. હિનલબેન જીમીભાઇ પંચોલી – એની. – રૂા. ૫૦
૭. રીનાબેન ધર્મેશભાઇ પંચોલી – એની. – રૂા. ૧૦૧
૮. હેતલબેન ધવલભાઇ પંચોલી – એની. – રૂા. ૧૦૧
૯. નયનાબેન જયેશભાઇ પંચોલી – એની. – રૂા. ૧૦૨
૧૦. સોનલબેન સુનીલભાઇ પંચોલી – એની. – રૂા. ૧૨૫
૧૧. ઉષાબેન હરીશભાઇ પંચોલી – એની. – રૂા. ૫૧

દાન આપનાર દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર.

## જાન્યુઆરી - ૨૦૨૬ અહેવાલ

સૌ મહિલાઓને નવા વર્ષે ૨૦૨૬ ની શુભેચ્છાઓ.

નવા વર્ષની શરૂઆત ઉત્તરાયણ નિમિત્તે દાનના પ્રોજેક્ટ થી કરવામાં આવી. દાન કરવું કોણે ન ગમે? એમાં પણ ઉત્તરાયણ નિમિત્તે દાનનું અનેક ગણું પૂણ્ય મળે છે.

ઉત્તરાયણ એ માત્ર પતંગ ઉડાવવાનો તહેવાર નથી. પરંતુ દાન સેવા અને સદ્‌ભાવના નો તહેવાર છે. ગોળ અને તલનું દાન કરવાથી સ્વાસ્થ અને સુખ, સમુદ્ધિ વધે છે. એવી પણ માન્યતા છે.

મહિલા મંડળની બહેનોએ મન મૂકીને દાન આપી પ્રથમ પ્રોજેક્ટને શ્રેષ્ઠ બનાવ્યો. બહેનોના દાન સહકારથી આપણે ૧૮–૦૧–૨૦૨૬ ના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરી મહિલા મંડળની બહેનો સાથે સોનગઢ ગૌશાળા માં જઇ ઘાસચારો, ઘૂંઘરી, ગોળ, ભરડો, કેળા, ગાયમાતાને ખવડાવ્યા. એ જોઇને બધી બહેનો રાજી થઇ ગઇ. ગૌશાળા તરફથી બહેનોને મસાલા દૂધ આપવામાં આવ્યું હતું.

પ્રિયંકાબહેન તરફ થી ચીકી, તલના લાડું આપવામાં આવ્યા હતા. અંજુબહેન તરફથી બુંદીના લાડું પ્રસાદ કરવામાં આવ્યો હતો અને બહેનોના દાનમાંથી ચીકી, તલ લાડું, બોર, ચવાણું, બિસ્કીટ લાવીને આંગણવાડીના ભૂલકાઓ, રિમાન્ડહોમના બાળકોને વિતરણ કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદને અન્નદાનની કીટ બનાવીને પણ વિતરણ કરવામાં આવી હતી.

ત્યારબાદ સોનગઢ ખાતે રોકડીયા હનુમાન મંદિર જઇ સમુહમાં હનુમાનદાદા ચાલીસાના પાઠ કરી ભક્તિમય વાતાવરણમાં મીટિંગની શરૂઆત કરી.

જાન્યુઆરી માસમાં જે બહેનોની બર્થડે અને એનીવર્સરી આવતી હોય બહેનોને ભેટ આપી શુભેચ્છા પાઠવી.

ત્યારબાદ રાષ્ટ્રધ્વજ લહેરાવી સમૂહમાં રાષ્ટ્રગીત ગાયું. દેશભક્તિના ગીત ગાઇ ઉજવણી કરવામાં આવી.

મીટિંગ પૂરી થાય બાદ સમોસા, ખમણ, ઇદડા, મેથીની પૂરી, પ્રસાદ બૂંદીના લાડું નો સ્વાદિષ્ટ નાસ્તોનો સમૂહ માં આનંદ માણ્યો.

મહિલા મંડળની બહેનોએ મન મૂકીને દાન આપી પ્રોજેક્ટને સફળ બનાવ્યો. સમાજ ના સારા કાર્યોને પ્રોત્સાહન આપ્યું. સૌ બહેનોનો ખૂબ ખૂબ આભાર. આવો જ સહકરા હંમેશા મળતો રહે એવી અપેક્ષા.

ઉત્તરાયણ નિમિત્તે વિવિધ ચીકીની ઓનલાઇન સ્પર્ધા કરવામાં આવી.

એક્સ્ટ્રા : ચોકલેટ બલુન ગેમ રમાડવામાં આવી.

**વિજેતા**

૧. મનીષાબહેન અલ્પેશભાઇ (પ્રથમ ક્રમે)
૨. અલ્પાબહેન રાજેશભાઇ પંચોલી (બીજા ક્રમે)

**દાન**

૧. પ્રવિણાબહેન ભૂપેન્દ્રભાઇ ગાંધી બર્થ ડે રૂા. ૨૫૧/–
૨. પારૂલબહેન હિતેશભાઇ ગાંધી બર્થ ડે રૂા. ૧૦૧/–
૩. કામીનીબહેન મુકેશભાઇ પંચોલી બર્થ ડે રૂા. ૧૦૧/–
૪. પ્રભાબહેન પૌત્રી નિચિતિની બર્થ ડે નિમિત્તે રૂા. ૧૦૧/–
૫. ચંદ્રકલાબહેન પંચોલી બર્થ ડે રૂા. ૫૧/–
૬. ચંદ્રકલાબહેન પંચોલી એનીવર્સરી રૂા. ૫૧/–
૭. સોનલબહેન એસ પંચોલી સુનીલભાઇ ની બર્થડે નિમિત્તે રૂા. ૧૫૦/–

દાન આપનાર દાતાઓનો ખૂબ ખૂબ આભાર.

## ફેબ્રુઆરી - ૨૦૨૬ અહેવાલ

પ્રગતિ મહિલા મંડળની મીટિંગ તા. ૨૨–૦૨–૨૦૨૬ ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી.

મહિલા મંડળ સભ્ય સંખ્યા (૩૫) બહેનો હાજર રહ્યા હતા. મીટિંગ માં કરેલ કાર્યવાહીમાં મીટિંગની શરૂઆત સૌ પ્રથમ મહાશિવરાત્રી હોવાથી સૌ બહેનો એ સાથે મળી શિવજી પૂજા સ્તુતી કરી ભક્તિમય વાતાવરણ બનાવ્યું.

મીટિંગ દરમ્યાન સરપ્રાઇઝ ગેમ રમાડી તેના વિજેતા કુસુમબહેન બન્યા.

ફેબ્રુઆરી માસમાં આપેલ પ્રોજેક્ટ અનુસાર શિયાળાની હેલ્દી વાનગી ઓનલાઇન ફોટો મૂક્યા. જેમાં ઘણાં બહેનોએ ભાગ લીધો. વિધિ હેલ્દી વાનગી જેમાં ખજૂરપાક, મેથીપાક,

આમળાપાક, ગોળ પાપડી, આદુપાક, ગુંદરપાક, અડદિયાપાક, સાલમપાક જેવી વિવિધ વાનગી ઓનલાઇન ફોટા પાડી મૂક્યા. પ્રોજેક્ટ પૂર્ણ કર્યો. રેડ બલુન થી સૌ બહેનોએ વેલેન્ટાઇન ડે ની ઉજવણી કરી સાથે માતાઓને કંકુ, તિલક, ચોખાથી પૂજન વંદન કર્યુ.

મહિલા દિન નિમિત્તે આધુનિકતાનું અનુકરણ ભારતીય સમાજ માટે કેટલું યોગ્ય? સકારાત્મક તથા નકારાત્મક ને આવરી તેના વિશે ચર્ચા કરી જેમાં ગીતાબહેન ગાંધી, કુસુમબહેન, અંજલિબહેન, ભાવનાબહેન ભાગ લીધો.

એકસ્ટ્રા પ્રો. કાર્ડની ગેમ રમાડવા આવી

**વિજેતા**

૧. પ્રભાબહેન જમિયતભાઇ પંચોલી (પ્રથમ ક્રમે)

૨. દિશાબહેન ચિંતનભાઇ પંચોલી (બીજા ક્રમે)

મીટિંગ પૂરી થયા બાદ ગરમા ગરમ બટાકા પૂરી નાસ્તાનો આનંદ માણ્યો.

**દાન**

૧. કિરણબહેન ધર્મેશભાઇ પંચોલી એનીવર્સરી રૂા.૧૦૧/–

૨. અંજલિબહેન પરેશભાઇ પંચોલી એનીવર્સરી રૂા.૧૦૦/–

૩. ભાવનાબહેન નિતેશભાઇ પંચોલી એનીવર્સરી રૂા.૫૦/–

૪. ભાવનાબહેન ભાવનીશભાઇ પંચોલી એનીવર્સરી રૂા.૫૦/–

૫. દિશાબહેન ચિંતનભાઇ પંચોલી એનીવર્સરી રૂા.૧૦૧/–

દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.

## માર્ચ - ૨૦૨૬ અહેવાલ

પ્રગતિ મહિલા મંડળ અને શ્રી પંચોલી સેવા સમાજ આયોજીત પ્રથમવાર રામનવમીના પ્રોજેક્ટને ધાર્મિક રીતે ઉજવવામાં આવ્યો હતો.

સૌ પ્રથમ ગણેશજી ની પૂજા વિધિ કરવામાં આવી. ત્યારબાદ નવદુર્ગા માતા, ચામુંડામાતા, અંબામાતા, કુળદેવી તેમજ ઈષ્ટદેદની પૂજન કરી અભિષેક કરવામાં આવ્યો. તેમજ સમાજની પ્રગતિ, ઉન્નતિ અને દરેક કાર્યમાં સમૃદ્ધિ માટે ગણેશજી, કુળદેવીને પ્રાર્થન કરી આર્શીવાદ લઇ હવન પ્રારંભ કર્યો.

મહિલા મંડળની સમાજની બહેનો, ભાઇઓ એ ઉત્સાહથી ભાગ લીધો હતો. યથાશક્તિ દાન આપી સમાજના પ્રમુખ શ્રી રાકેશભાઇ ગાંધી અને બહેનો એ પૂજા હવનનો લાભ લીધો.

